**જામીન અરજી નં.૯૫૦/૨૦૨૩ લગત હુકમ**

**કડી પોલીસ સ્ટેશનના સી પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૬૦૨૦૨૩૦૭૧૯/૨૦૨૩ (ગુ.રજી.નં.૩૬૧/૨૩) ધી પ્રોહી.એકટ કલમ : ૬૫ એ એ ના કામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ : ૪૩૭ અન્વયે જામીન મેળવવાની અરજી લગત હુકમ...**

(૧) જામીન અરજી, પોલીસ પેપર્સ વંચાણે લીધા, આરોપીના વ.શ્રી જી.બી.દંતાણીને સાંભળ્યા તથા એપીપીને સાંભળ્યા.

(૨) આ કામના આરોપીના વિ.વ.શ્રી જી.બી.દંતાણી જણાવે છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે અને આરોપી ચારોલ ગામના રહીશ છે અને નાસીભાગી જાય તેવા નથી, આરોપી સામેના ગુનાની સજાની જોગવાઈ જોતા આજીવન કારાવાસ કે દેહાંત દંડની સજાને પાત્ર ગુનો નથી આરોપી ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરશે જેથી ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતા આરોપીને યોગ્ય રકમના અને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રી જણાવે છે કે હાલમાં પ્રોહીબીશનના ગુનાઓનુ પ્રમાણ ખુબ વધી ગયેલ હોય આરોપીઓને જામીન ઉપર નહી છોડવા અરજ કરેલ છે.

(૪) ઉભય પક્ષકારોની રજુઆત હાલની અરજીમાં જણાવેલ કારણો, હકીકતો, ગુનો, ગુનાનો પ્રકાર, ગુનામાં સંભવિત સજા તથા આક્ષેપાયેલ ગુનામાં સજાની જોગવાઈ વિગેરે લક્ષમાં લીધેલ છે આ કામે ફરીયાદ હકીકત લક્ષમાં લેવામાં આવે તો સદર કામે ગુનાની વિગત ધ્યાને લેવામાં આવે તો આરોપી વિરુધ્ધ કુલ ૧૦ બોટલ કી.રુા.૧૦૦૦/– ભારતીય બનાવટનો વિદેશી દારુ ગે.કા. રીતે પોતાના કબજામાં રાખી આક્ષેપિત ગુનો કરેલ છે આરોપી સામેનો ગુનો તથા સંભવિત સજાકીય જોગવાઈ ધ્યાને લેતાં જામીનપાત્ર જણાય છે. આરોપી જામીન આપવા રાજીખુશી અને તૈયાર હોય હાલની અરજી મંજુર કરવા પાત્ર ગણી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

- જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
- આરોપીએ રુા.૧૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામા આવે છે.

શરતો

(૧) આરોપીએ ફરીથી આવા પ્રકારના ગુનામાં સંડોવવુ નહી.

(૨) આરોપીએ પોલીસ તપાસમાં સાથ સહકાર આપવો.

(૩) આરોપીએ પોતાના રહેઠાણનુ કાયમી સરનામુ પુરાવા સહીત રજુ કરવુ.

(૪) સદર આરોપીએ અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૫) સદર આરોપીએ કોર્ટમાં ચાર્જશીટ ન થાય ત્યાં સુધી ત.ક.અ. જયારે બોલાવે ત્યારે પોલીસ સ્ટેશને તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ.

**તા.૨/૦૮/૨૦૨૩**

**(ભાવિનકુમાર નવિનચંદ્ર જોષી)**
**જયુડી.મેજી.ફ.ક., કડી.**